ક્રિમીનલ ઈન્કવાયરી નંબર: ૪૪૮૦૭/૦૪

આંક:૧ લગત હુકમ:-

આ કામ ની ટુકમાં હકીકત એવી છે કે આ કામ ના ફરીયાદી એ કુલ:૪ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ખાનગી ફરીયાદ તા:૧૧/૦૯/૨૦૦૪ ના રોજ અત્રે ની કોર્ટમાં કરેલી છે જે કામ અમારા પુર્વગામી સાહેબશ્રીએ ફરીયાદીનું વિગતવારનું વેરીફીકેશન લઈ અમારા પુર્વગામી સાહેબશ્રીએ સી.આર.પી.સી.ની કલમ ૨૦૨ મુજબ ની વધુ તપાસ થવા સારૂ મકરપુરા પો.સ્ટે ને મોકલી આપવા નો હુકમ કરેલો જે હુકમ મુજબ ત.ક.એ તારીખ ૦૪/૧૦/૨૦૦૪ ના રોજ ધોરણસર નો રીપોર્ટ કરેલો છે જે મુજબ આરોપીઓ વિધ્ધ નો.કો. ગુન્હો બને છે. તે સબબ તેઓએ અટકાયતી પગલા લીધેલા છે. અને તે સીવાય નો કોઈ ગુન્હો બનતો નથી તે સબબ નો રીપોર્ટ કરેલો છે. આ કેશ ની ટુકમાં હકીકત જોતાં સદર ફરીયાદ ઈ.પી.કો. કલમ -૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૩૯૨,૧૧૪ મુજબ કરેલી છે.સદર ફરીયાદ સબબ ફરીયાદી ને સાંભળવા સારૂ સમંસ કાઢતાં તેઓનું સમન્સ ધોરણ સર ''વગરબજે'' આંક:૪ થી તા:૧ ૩/૦૨/૨૦૧૯ થી પરત આવેલ છે.

આ કામે રજુ થયેલા તમામ રેકર્ડ જોતાં ફરીયાદીને પોતાનો કેશ સબબ રજુઆત કરવા માટે પુરતી તક આપેલ હોવા છતાં તેઓ એ કોઈ રજુઆત કરેલી ન હોઈ જેથી રજુ રેકર્ડ ના આધારે સદર કેશની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. અને સદર ખાનગી ફરીયાદમાં ફરીયાદી એ પુરતા અને સંતોષકારક પુરાવાઓ રજુ કરેલ ન હોઈ આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈશ્યુ કરવા જેટલી હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ જેથી તેથી અપુર્તતા પુરાવા કારણે,તેમજ ફરીયાદી ના કસુરના કારણે ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

સદર ફરીયાદ ક્રિ.પો.કોડ ની કલમ ૨૦૩ મુજબ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે

હુકમ આજ રોજ તા:૧૩ - જુલાઈ -૨૦૧૯ ના ખુલ્લી કોર્ટમાં સ્પેશીયલ શીટીંગ (લોક અદાલતમાં) વાંચી સંભળાવેલ છે.

સ્થળ:વડોદરા
તા:૧૩/૦૭/૨૦૧૯

(ડી.એમ.બાવીસી)
જ્યુડી.મેજી.ફ.ક.
મ્યુનિશીપલ કોર્ટ,વડોદરા
જી.જે.૦૧૩૮૦